Vibrant GUJARAT 2024 | ગુજરાત સરકાર



# વિકસિત ભારત સંકલ્પ યાત્રા

**૧૫ નવેમ્બર, ૨૦૨૩ થી ૨૬ જાન્યુઆરી, ૨૦૨૪**

## વિકસિત ભારત સંકલ્પ યાત્રા સપના કરશે સાકાર

વિકસિત ભારત સંકલ્પયાત્રાનો
તા. ૧૫મી નવેમ્બર જનજાતિય ગૌરવ દિવસથી પ્રારંભ

## માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

ઝારખંડ ખાતેથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો દેશવ્યાપી શુભારંભ કરાવશે



વિકસિત ભારત સંકલ્પ યાત્રાનાં આયોજનનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોને **સરકારની વિવિધ યોજનાઓ**થી માહિતગાર કરવાનો તેમજ પાત્ર તમામ નાગરિકોને ઘરેબેઠા લાભ પહોંચાડવાનો છે

માહિતી સભર આધુનિક રથોનું દરેક ગામ તેમજ શહેરોના દરેક વૉર્ડમાં થશે આગમન

## વિકસિત ભારત સંકલ્પ યાત્રા શુભારંભ

માનનીય રાજ્યપાલ

## આચાર્ય દેવવ્રતજી

ની ઉપસ્થિતિમાં,

માન. મુખ્યમંત્રી

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

દાંતા ખાતેથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરાવશે

**તા.** ૧૫-૧૧-૨૩, **સમયઃ** સવારે ૯.૦૦ કલાકે
**સ્થળ :** મુ. ચિખલા, તા. દાંતા (અંબાજી), જી. બનાસકાંઠા.

**સરકારનો અડગ નિર્ધાર, પાત્ર નાગરિકને ઘરેબેઠા મળશે લાભ**





અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૧૪-૧૧-૨૦૨૩ મંગળવાર


# અવધ ટાઇમ્સ


AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,






તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૭૯ આસો ૩૦ વર્ષ : ૨૮ અંક ૮૦


**આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા**

## અમરેલીમાં શનિવારે હનુમાન ચાલીસા યોજાશે

### તાત્કાલીક હનુમાન મંદિર ચીત્તલ રોડ ખાતે આવેલ મંદિરે સાપ્તાહીક આયોજન

અમરેલી,આગામી તારીખ ૧૧ ને શનિવારના રોજ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા શહેરની અંદર ચાલતા તમામ સાપ્તાહિક હનુમાનચાલીસાકેન્દ્રનાભાઈઓદ્વારા૫૧ હનુમાનચાલીસાપાઠરાખવામાંઆવેલછે જે ધર્મ પ્રચારક જિલ્લા અધ્યક્ષ બાબુભાઈ બામટા દ્વારા તાત્કાલિક હનુમાન મંદિર ચિતલ રોડ ડેમ પાસે રાખવામાં આવેલા છે તો આખા વર્ષના અંતે તમામ કેન્દ્રના ભાઈઓ સાથે મળીને આ પાઠ કરવાના છે તો આમાં દરેક કાર્યકર્તા ભાઈઓ અને ભક્તજનો ઉપસ્થિત રહે તેમ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોક્ટર ગજેરા સાહેબ સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણ જિલ્લા અધ્યક્ષ ડોક્ટર દેસાણી સાહેબ જિલ્લા કાર્ય કરી અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી ઈન્ડિયા હેલ્પ લાઈન અધ્યક્ષ ડોક્ટર ગોંડલીયા સાહેબપ્રાંતઉપાધ્યક્ષમનસુખભાઈરૈયાણી વિભાગ અધ્યક્ષ દડુભાઈ ખાચર તેમજ એમ એમ પટેલ સાહેબ નાનુભાઈ તળાવિયાઅનેજિલ્લામંત્રીજીલુભાઈ વાળા તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા અધ્યક્ષ દિલીપભાઈ બામટા જિલ્લા કાર્યકારી અધ્યક્ષમજબૂતભાઈ બસિયાઅનેતમામ કેન્દ્રના પદાધિકારી ભાઈઓ અને ભક્તજનોવિગેરેતોઆસામૂહિકહનુમાન ચાલીસાપાઠમાંદરેકેપધારવાઆંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારાઆમંત્રણપાઠવવામાંઆવેછેતેમજિલ્લા કાર્યકારી અધ્યક્ષ સુરેશભાઈ સોલંકીએ જણાવ્યું છે.

**૨૫ વર્ષ સેવાની ઉજવણીના ભાગરૂપે**

## સારહિ યુથ ક્લબ દ્વારા નિબંધ સ્પર્ધા યોજાતા અમરેલીના ૫૩૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

### સ્પર્ધામાં સૌથી વધારે વિદ્યાગુરુ સાયન્સ સ્કૂલના ૧૨૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

અમરેલી,સેવાના ૨૫વર્ષનીઉજવણીના ભાગરૂપે લોક સેવક શ્રીમાન મુકેશભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી દ્વારા ધોરણ ૯ થી ,૧૨ નાવિદ્યાર્થીઓ માટે નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિબંધ સ્પર્ધામાં અમરેલી શહેરની ૨૦ હાઈસ્કૂલના ૫૩૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહભર ભાગ લીધેલ હતો.આગામી ડિસેમ્બર મહિનાના પ્રથમ સપ્તાહમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓ તેમજ શાળા કક્ષાના પસંદગી પામેલા શ્રેષ્ઠ નિબંધ લખનાર વિદ્યાર્થીઓને વિશેષ પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર આપી સન્માનિત કરાશે. આ ઉપરાંત ભાગલેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.

### અવધ ટાઇમ્સ અંક બંધ

દિપાવલી, નુતન વર્ષ અને ભાઈબીજનાં પર્વે અવધ ટાઇમ્સ કાર્યાલય તા.૧૪ થી ૧૭ સુધી સંપુર્ણ બંધ રહેશે જેથી તા.૧૫ થી ૧૮ સુધી અંક પ્રસિધ્ધ નહીં થાય. તા.૧૯મીથી રાબેતા મુજબ અંક પ્રસિધ્ધ થશે જેની સર્વે વાંચક મિત્રો, વિજ્ઞાપનકારો અને વિતરક ભાઈઓએ નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક

## પાળીયાદ વિહળધામમાં રાશીવનનું નિર્માણ કરાશે

### નક્ષત્રવન બાદ હવે રાશીવન બનાવવા વિધી વિધાનથી પુજા અર્ચના કરાઈ

રાજુલા,(કનુભાઈ વરૂ)આજ રોજ સૌરાષ્ટ્ર ની દેહાણપરંપરાનીજગવિખ્યાતજગ્યાએવીપરમ પૂજ્ય શ્રી વિસામણબાપુ ની જગ્યા વિહળધામ પાળીયાદ ખાતે નવ નિર્માણ થઈ રહેલ કમખીયા ખાતે બની રહેલા ‘નક્ષત્ર-વન‘ બાદ હવે ‘રાશિ-વન‘ ખાતે વિધિ વિધાન થી પૂજા અર્ચના થી વૃક્ષારોપણ કરી રહેલા અમરેલી ના યુવા આઈડલ તેમજ અમર ડેરી ના વાઈસ ચેરમેન તેમજ સેવા ની પર્યાય સારહી યુથ ક્લબ ના પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી તેમજ એમના ધર્મ પત્નિ સેજલબેન સંઘાણી તેમજ સાથે શુભેરછા મુલાકાત લીધેલ હતી.

**સમસ્ત વાટલીયા પ્રજાપતી જ્ઞાતી સમાજ દ્વારા**

## રાજુલામાં સ્નેહ મિલન અને વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

### વાટલીયાપ્રજાપતી જ્ઞાતીના રાજુલા સાવરકુંડલા સહિતના આગેવાનોની ઉપસ્થિતીમાં આયોજન



રાજુલા,(કનુભાઈ વરૂ)


આ કાર્યક્રમમાં માં શ્રીબટુક ભાઈ વોરા સહ મંત્રી વાટલિયા પ્રજાપતિ સમાજ મહુવા વાટલિયા વાટલિયા પ્રજાપતિ સમાજ ના પ્રમુખ શ્રી પરમાનંદ ભાઈ વરિયા સાવરકુંડલા પંથકમાં વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિ ના પ્રમુખ નારાયણભાઈ પુભાદિયા તેમજ રાજુલા માર્કેટીંગ યાર્ડ ના ડાયરેક્ટર મધુ ભાઈ વોરા તેમજ અરજણભાઈ કાકલોતર પૂર્વ સરપંચ ભાક્ષી તેમજ મગનભાઈ કાકલોતર ધારેશ્વરપૂર્વડાયરેકટરરાજુલામાર્કેટિંગ યાર્ડરાજુલાનગરપાલિકાશિક્ષણસમિતિ સેરમેન શ્રી વિમલા બહેન ગીરધર ભાઈ ઉનાગર તેમજ શ્રી ભાનુભાઈ પાંડવ ગામ સાપરી થી પધારેલ હતાઆ કાર્યક્રમ ના સિલ્ડ ના દાતા શ્રીવિઠલ ભાઈ ઉનાગર ચાપાણીઆનેનાસ્તા નાદાતાસ્વ નાનજી ભાઈ જીવા ભાઈ પાંડવ (હસ્તે શ્રીલાલજી ભાઈ નાનજી ભાઈ પડાવ )આમંત્રણ પત્રિકા ના દાતા શ્રી ધીરજ લાલ શામજી ભાઈ ઘોઘારી તેમજ સાઉન્ડ ના દાતા શ્રી સમૃત ભાઈ હરી ભાઈ આંબલીયા એ સહયોગ આપ્યો હતો સ્વાગત પ્રવચન ગિરધરભાઈ ઉનાગર દ્વારા શબ્દોદ્વારા કરવામાં આવ્યું હતું તેમજ રાજુલા હોસ્ટેલની દીકરીઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું અને સરસ રીતે એક નૃત્ય પણ હોસ્ટેલની દીકરીઓ દ્વારા રજુ કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં રાજુલા રાજુલા વાટલીયા પ્રજાપતિ સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા આ કાર્યક્રમમાં ૩૨ વિદ્યાર્થી ઓને શીલ્ડ તેમજ મોમેન્ટ ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ આ કાર્યક્રમના દાતાશ્રીઓ અને પધારેલ મહેમાનોને સન્માન પત્ર અર્પણ કરી નવાજવામાં આવ્યા હતા આ કાર્યક્રમમાં પધારેલા મહેમાનોએ કાર્યક્રમને અનુરૂપ સંબોધન કર્યુંહતું કાર્યક્રમના અંતે રાજુલા વિભાગ વાટલીયા પ્રજાપતિ સમાજ ના પ્રમુખ શ્રી લાલજીભાઈ નાનજીભાઈ પાંડવદ્વારાઆભારવિધિ કરવામાંઆવી હતી અને વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિ માં દીકરા તથા દીકરીઓમાં શિક્ષણ ન ને પ્રાધાન્ય આપવામાં આવે તેવું જણાવેલ અને આવેલ મહેમાનો આભાર માનવામાં આવ્યો હતો. આ તો કે આ કાર્યક્રમનું સંચાલન શ્રી ભુપતભાઈ પાંડવ દ્વારા કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમના અંતે અલ્પા આહારનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ગામડાઓમાં રેઢીયાર પશુઓનો ત્રાસ નિવારવા માંગ

### કુંડલા તાલુકા યુવા ભાજપના શ્રીચોડવડીયા દ્વારા મુખ્યમંત્રીને રજુઆત

અમરેલી,

હાલ દરેક ગામડાઓમાં ખુબજ મોટી સંખ્યામાં રેઢીયાળ પશુઓ છે. જેના કારણે ગામડાના ખેડુતોને ખેતીવાડીનાપાકોનેમોટાપ્રમાણમાંછેલ્લા ઘણા સમયથી નુકશાન થઈ રહયું છે. ખેડુતોના ખેતરોમાં ઉભા પાકમાં ચરી ખાઈ જાય છે. જેથી ખેડુતોની કાળી મહેનત ઉપર પાણી ફરી વળે છે. અને મોટા પ્રમાણમાં આર્થિક નુકશાની વેઠવાનો વારો આવે છે. અને ગ્રામ્ય કક્ષાએ રેઢીયાર ઢોર રહેતા હોવાથી આમ જનતાને પણ ઘરેથી કામકાજ અંગે બહાર નીકળતા રેઢીયાર પશુઓ તેમને મારવા દોડે છે. અને ઘણીવખત જાનહાની પણ કરે છે. જે અંગે સાવરકુંડલા તાલુકા યુવા પુર્વયુવા ભાજપ મંત્રી ભરતભાઈ ચોડવડીયા દ્વાતા મુખ્યમંત્રીને રેઢીયાળ ઢોરના ત્રાસમાંથી ખેડુતોને સંપુર્ણ મુકિત અપાવવા રજુઆત કરવામાં આવી છે.

### ક્રાંકચ પાસે મોમાઇ ધામના નિર્માણના તા. ૨૨ના શિલાન્યાસ કાર્યક્રમ માટે તડામાર તૈયારીઓ શરૂ : આમંત્રણ દેવાનો પ્રારંભ

# મોમાઇ ધામનાં આગેવાનોનું મુંબઇ અને અમદાવાદમાં સન્માન

**અમદાવાદના આગેવાન શ્રી દિલીપભાઇ થડેશ્વરે એક વીઘા જમીન દાનમાં આપી**

**શ્રી મોમાઇ ધામના ટ્રસ્ટીશ્રીઓ તથા કમીટી સદસ્યોએ અમદાવાદ અને મુંબઇમાં સમસ્ત પરજીયા સોની સમાજને ધર્મલાભ લેવા અનુરોધ કર્યો : ઠેર ઠેર પ્રતિનિધિ મંડળનું સન્માન**

**અમદાવાદ અને મુંબઇ પરજીયા સોની સમાજે મોમાઇધામના પ્રતિનિધિ મંડળને બિરદાવ્યું**



અમરેલી,

ક્રાંકચ પાસે મોમાઈ ધામના નિર્માણના તા. ૨૨ના શિલાન્યાસ કાર્યક્રમ માટે તડામાર તૈયારીઓ શરૂ થઈ ચુકી છે અને શિલાન્યાસ કાર્યક્રમ માટે આમંત્રણ દેવાનો પ્રારંભ થયો છે.

પરજીયા સોની સમાજને શા ધર્મ લાભમાં પધારવા આમંત્રણ આપવા જઈ રહેલા મોમાઈ ધામનાં પ્રતિનિધિઓનું મુંબઈ અને અમદાવાદમાં પરજીયા સોની સમાજ દ્વારા ભવ્ય ઉષ્માસભર સન્માન કરવાતમાં આવ્યું હતુ.

કાકચ મોમાઈ માતાજીના મંદિર નીર્માણ માટે તા. ૨૨/૧૧ના શીલાન્યાસ કાર્યક્રમ યોજાશે તેના માટે શ્રી મોમાઈ ધામના ટ્રસ્ટીશ્રીઓ તથા કમીટી સદસ્યોએ અમદાવાદ અને મુંબઈમાં સમસ્ત પરજીયા સોની સમાજને ધર્મ લાભ લેવા અનુરોધ કર્યો હતો ઠેર ઠેર આ પ્રતિનિધિ મંડળનું સન્માન થઈ રહયું છે અમદાવાદ અને મુંબઈ પરજીયા સોની સમાજે મોમાઈધામના પ્રતિનિધિ મંડળને બિરદાવ્યું હતુ.

ક્રાંકચ મોમાઈ માતાજીના મંદિર ટ્રસ્ટ ના પ્રતિનિધિઓ શ્રી ભરતભાઈ ધકાણ, શ્રી રમેશભાઈ ધકાણ, હર્ષદભાઈ ધકાણ, શ્રી મનોજભાઈ સતિકુવર તથા શ્રી અમિતભાઈ સાગરએ સોની વાડી બોરિવલીની મુલાકાત લઈ ક્રાંકચ ગામમાં જે મોમાઈ માતાજી નુ શિખરબંધ મંદિર નીર્માણ થવા જઈ રહ્યું છે તેના શીલાન્યાસ કાર્યક્રમ તા ૨૨/૧૧/૨૩ ના રોજ યોજાનાર હોય તેમા પરજીયા સોની સમાજના દરેક લોકો જોડાય અને આ રૂડા પ્રસંગે ખાસ હાજરી આપે તેના માટે બેઠકનું આયોજન કરેલ હતુ.

આ બેઠકમાં મુંબઈ સોની વાડી ના શ્રી વિજયભાઈ સતિકુવર તથા શ્રી જયસુખભાઈ જીણાદ્રા, (જેવી)તથા શ્રી દિનેશભાઈ (ડીકે), શ્રી કિશોરભાઈ (વીરડી) તથા શ્રી મનસુખભાઈ ચલ્લા (કાત્રોડી), શ્રી દીનુભાઈ (ગઢડા), શ્રી ગીરીશભાઈ,શ્રી અમુભાઈ ઘઘડા, શ્રી પરેશભાઈ દડવા, શ્રી આશિષભાઈ ગારીયાધાર તથા વાઘેશ્વરી સેવા સમાજ ના આગેવાનો તેમનો અમુલ્ય સમય ફાળવી હાજરી આપી હતી અને પ્રતિનીધી ઓ નુ શાલ ઓઢાડી સન્માન કર્યું હતુ.આમા પટેલકા વાળા શ્રીમતી રેણુકાબેન સોની દુબઈથી પરત ફરતા તેમણે પણ હાજરી આપી અને આનંદ વ્યકત કર્યો હતો.અને આજ દિવસે શ્રી વાઘેશ્વરી સેવા સમાજ દ્વારા અનાજ વિતરણ કાર્યક્રમ હતો જેમા સમાજ ના ભામાશા શ્રી હરીભાઈ ધકાણના પુત્ર શ્રી ભાવિકભાઈ અને સુર્વણ હોસ્પિટલના આગેવાન દાતાશ્રી આશિષભાઈ ધકાણ પણ ઉપસ્થિત હોય તેમને પણ નિમંત્રણ અપાયેલ હતા. મુંબઈ પરજીયા સોની સમાજના આગેવાનો શ્રી ભરતભાઈ સતિકુવર (સ્વાભિમાન ભારત ના તંત્રી), તથા શ્રી નીતીનભાઈ સોની (જીરાવાળા) મહાભારત ન્યુઝ ના સંચાલક એ ખુબજ જહેમત લીધી હતી.

સોની વાડી ના કાર્યક્રમ પછી પરજીયા સોની સમાજના ગૌરવ એવા ધારાસભ્ય શ્રી શ્રી યોગેશભાઈ સાગરે પણ સુવર્ણ હોસ્પિટલ ખાતે પહોંચી આનંદ વ્યકત કરી માર્ગદર્શન આપેલ સુવર્ણ હોસ્પિટલ સંપૂર્ણ માહિતી આપી અને દરેક વોર્ડ ની મુલાકાત લઈ શિલાન્યાસમાં ઉપસ્થિત રહવાની ખાત્રી આપી હતી.

શ્રી મોમાઈ ધામ મંદિર ના ટ્રસ્ટી શ્રી તથા કમિટી સભ્યાએ અમદાવાદ ખાતે પરજીયા સોની સમાજને આમંત્રણ પાઠવ્યા હતા આ પ્રસંગે અમદાવાદ સોની સમાજ ના અગ્રણીઓ તથા આગેવાનો તથા કમિટી સભ્યો દ્વારા મોમાઈ ધામ ના કમિટી સભ્યોને અમદાવાદ સોની સમાજ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

અમદાવાદ પરજીયા સોની સમાજના પૂર્વ પ્રમુખ શ્રી દિલીપભાઈ કાનજીભાઈ થડેશ્વર શ્રી ભુપતભાઈ કાનજીભાઈ ધકાણ આર.કે જવેલર્સ, શ્રી સંજયભાઈ લક્ષ્મણભાઈ થડેશ્વર, શ્રી રાજુભાઈ ત્રીકમભાઈ થડેશ્વર, શ્રી ધનસુખભાઈ મગનભાઈ સાગર, શ્રી ચંદ્રેશભાઈ રસિકભાઈ ધકાણ,શ્રી સંજયભાઈ ત્રીકમભાઈ થડેશ્વર, શ્રી કિરીટભાઈ બચુભાઈ થડેશ્વર, શ્રી નરેશભાઈ બચુભાઈ થડેશ્વર, શ્રી રાજેશભાઈ કાંતિભાઈ ધાણક, શ્રી રાજુભાઈ બાબુભાઈ થડેશ્વર, શ્રી સત્યમભાઈ ભીખાભાઈ થડેશ્વર, શ્રી અશોકભાઈ ધાણક, શ્રી ભરતભાઈ નટવરભાઈ ઝાલા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને મોમાઈ ધામના પ્રતિનિધિ મંડળના પાંચેય આગેવાનોનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું અને મંદિર ના નિર્માણ માટે પૂરેપૂરો સહયોગ આપવા માટે અભિનંદન પાઠવ્યા હતા.


મોમાઈ ધામ ના નિર્માણ કાર્યમાં સ્વયંભૂ સહયોગ મળી રહ્યો છે પરજીયા સોની સમાજ તેની ઉદારતા માટે જાણીતો છે કયાં કચ્છમાં આકાર લઈ રહેલા મોમાઈ ધામના પ્રતિનિધિ મંડળનું સન્માન કરાયા બાદ અમદાવાદ થી મોમાઈ ધામ માટે એક વીઘા જમીનનું દાન મળ્યું હતું. અમદાવાદ પરજીયા સોની સમાજના પૂર્વ પ્રમુખશ્રી દિલીપભાઈ કાનજીભાઈ થડેશ્વરે જાહેરાત કરી હતી કે મુંબઈ ધામ માટે એક વિઘા જમીન તે દાનમાં આપશે.

### કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતીમાં સાવરકુંડલાનાં સક્રિય ધારાસભ્યશ્રી મહેશ કસવાલા દ્વારા

# સાવરકુંડલામાં સ્વચ્છતાના શીલ્પીઓનું સન્માન કરાશે

**દિપોત્સવીના શુભ દિવસોમાં સાવરકુંડલા શહેર અને લીલીયા નગરને સ્વચ્છ રાખવાનું પાયાનું કામ કરનાર કર્મયોગીઓનું ભવ્યાતી ભવ્ય સન્માન કરાશે**

**સાવરકુંડલા લીલીયાના ધારાસભ્યશ્રી મહેશ કસવાલા દ્વારા કાર્યક્રમમાં શ્રી કૌશીકભાઈ વેકરીયા, રાજેશભાઈ કાબરીયા, શ્રી નારણભાઈ કાછડીયા સહિતની ખાસ ઉપસ્થિતી**



અમરેલી, સાવરકુંડલામાં

ધારાસભ્યશ્રી મહેશ કસવાલા દ્વારા સ્વચ્છતાના શીલ્પીઓનું સન્માન થનાર છે. દિપોત્વીના શુભ દિવસોમાં સાવરકુંડલા શહેર અને લીલીયાના સ્વચ્છ રાખવા બદલ કર્મયોગીઓને સન્માનીત કરવા સાવરકુંડલા ખાતે તા.૧૫-૧૧-૨૩ શનિવાર સાંજે ૫ કલાકે અટલધારા એસટી બસસ્ટેન્ડ સામે કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતીમાં સન્માન કરાશે આ પ્રસંગે નાયબમુખ્ય દંડક શ્રી કૌશીકભાઈ વેકરીયા, જીલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા,સાંસદશ્રી નારણભાઈ કાછડીયા ઉપસ્થિત રહેશે તેમ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા વતી સાવરકુંડલા તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, શહેરભાજપના પ્રમુખ પ્રવિણભાઈ સાવજ અને લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી એ જણાવ્યું છે.

**સાળંગપુરમાં કષ્ટભંજન હનુમાનજી મંદિર દ્વારા ૧૭૫ મો શાતમૃત મહોત્સવ યોજાશે**

### ધારાસભ્યશ્રી મહેશ કસવાલાએ રાજ્યના મુખ્યમંત્રીને રજુઆત કરી

# ગાંધીનગર અમદાવાદ, અમરેલીથી પીપાવાવ પોર્ટ (રાજુલા)માં બાકી રહેતા રસ્તાઓને ચાર માર્ગી બનાવો : શ્રી મહેશ કસવાલા

**ધારાસભ્યશ્રી મહેશ કસવાલાએ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજુઆત કરી**

અમરેલી,

ગાંધીનગર અમદાવાદ અમરેલીથી પીપાવાવપોર્ટ (રાજુલા) ચાર માર્ગી કરણમાં બાકી રહેતા રસ્તાઓને ચારમાર્ગી કરવા ધારાસભ્યશ્રી મહેશ કસવાલાએ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજુઆત કરી જણાવ્યું છે કે અમરેલી જીલ્લાને ગાંધીનગર અમદાવાદ સાથે ચારમાર્ગીય રસ્તાઓ સાથે જોડવાં અંગે ગતવિધાન સભા સત્રમાં આ મુજબ ચર્ચા સાથે રજુઆત કરેલી અમરેલી જીલ્લાના પાટનગર સાથે જોડવા રસ્તાને ચારમાર્ગી કરવા ખુબ જરૂરી હોય અમુક રસ્તાઓને રાજય સરકાર દ્વારા ચારમાર્ગી કરવામાં આવેલ છે તેમજ અમુક જગ્યાએ કામ પ્રગતીમાં છે પરંતુ વલ્ભીપુર, ધોળા રંઘોળા જંકશન સુધી ૧૮ કીમીનો રાજયધોરી માર્ગ ભાવનગર મા.મ. વિભાગમાં આવે છે

તેમજ ચાવંડ લાઠી અમરેલી સુધી ૩૦ કી.મી. રાજયધોરી માર્ગ અમરેલી મા.મ.વિભાગમાં આવે છે. આ રસ્તાઓ માત્ર ૧૦ મીટર પહોળાઈ દારાવતા હોય સાંકળા માર્ગને કારણે અને ટ્રાફીકની સમસ્યા દયાને લેતા ચારમાર્ગી કરવા ખુબ જરૂરી છે. અવારનવાર અકસ્માતના બનાવો બને છે.


આ રસ્તાના કેન્દ્ર સરકારના નોટીફીકેશન મુજબ નેશનલ હાઈવે નં.૩૫૧ એફ જાહેર કરેલ છે જેને નેશનલ હાઈવે ઓથોરીટીની વીભાગી કચેરીને રાજકોટથી કાર્યવાહી કરવાની થાય છે એજ રીતે અમરેલી સાવરકુંડલા બાઢડા સુધી ૪૫ કી.મી. નેશનલ હાઈવે નં .૩૫૧ એ રાષ્ટ્રીય ધોરી માર્ગ વિભાગ રાજકોટ હસ્તક આવે છે. બાઢડા રાજુલા પીપાવાવપોર્ટ સુધી ૩૩ કી.મી. ધોરી માર્ગ મા.મ. વિભાગ અમરેલી હસ્તક આવે છે. આ રસ્તાઓને ચારમાર્ગી કરવામાં આવે તો જીલ્લાને તેમજ દરિયાકાંઠાના પીપાવાવપોર્ટ અને રાજુલા તાલુકાના ઉદ્યોગોને વેગ મળે તેમ છે અને ટ્રાફીકની સમસ્યા નીવારી શકાય તેથી રસ્તાઓને ચારમાર્ગી બનાવી અમરેલીને ગાંધીનગર અમદાવાદ સાથે જોડવા રજુઆત કર્યાનું મહેશ કસવાલાએ જણાવ્યું છે.

### સાવરકુંડલા વાસીઓને ફ્લોરાઈડ યુક્ત પીવાના પાણીની મુશ્કેલી માંથી મળશે છુટકારો

# અંદાજે ૨૦ કરોડની રકમથી નર્મદા અને શેલદેદુમલનું પાણી ઘરે ઘરે પહોંચે તેવું નક્કર આયોજન કરતા ધારાસભ્ય મહેશ કસવાળા

**બોર આધારિત વિતરણ વ્યવસ્થા બંધ કરી નર્મદાનું પાણી વિતરણ કરશે સાવરકુંડલા નગરપાલિકા**

**સાવરકુંડલાના શહેરીજનો માટે નગરપાલિકાને ફાળવાશે એક કરોડ લીટર પાણીનો જથ્થો**



સાવરકુંડલા,

સાવરકુંડલા શહેરમાં બોર આધારિત પીવાના પાણીની વિતરણ વ્યવસ્થાઓ સામે જાગૃત ધારાસભ્ય મહેશ કસવાળા દ્વારા સરકારશ્રી માં રજૂઆત કરીને શહેરીજનોને ફ્લોરાઈડ યુક્ત પાણીને કારણે ગંભીર બીમારીઓ માંથી મુક્તિ મળે તેવા યથાર્થ કરેલા પ્રયાસોના સફળતા મળેલ છે. સાવરકુંડલા નગરપાલિકા દ્વારા શહેરીજનોને પીવાના પાણીની સગવડતા ૪૭ બોર આધારિત પાણીની વ્યવસ્થાઓ હોય અને પાલિકાને વીજળી બિલ, મેઈન્ટેન્સ, કર્મચારીના પગાર વિગેરે મોટા પ્રમાણમાં આર્થિક નુકશાની સહન કરવી પડતી હોય તેમજ આ જમીન માંથી આવતા બોરના પાણી નું ટી.ડી.એસ. વાળું હોય સાથે આલ્કલી/ફ્લોરાઈડ યુક્ત પાણી સંપૂર્ણ પણે બંધ કરી શહેરીજનોની સુખાકારી યોગ્ય રીતે જળવાઈ અને નર્મદાનું પાણી ફિલ્ટર કરી દૈનિક ધોરણે મળી રહે તેવા અધિક મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત શહેરી વિકાસ મિશન ગાંધીનગર દ્વારા તાજેતરમાંજ ૧૯ કરોડ ૭૬ લાખની સૈધાંતિક મંજૂરી મળતાં સાવરકુંડલા વાસીઓ માટે નર્મદાનું પાણી પુરતા ફોર્સ સાથે દૈનિક મળી રહે તેવું આયોજન સાવરકુંડલા નગરપાલિકા દ્વારા ધારાસભ્ય મહેશ કસવાળા ના માર્ગદર્શન તળે આકાર પામશે જેમાં સાવરકુંડલા ના હાથસણી ના શેલદેદુમલ ડેમ નજીક વિશાળ ૧૦૦ ફૂટ ઊંડો કૂવો બનાવીને પાઈપ લાઈન મારફતે સાવરકુંડલા શહેરમાં ખાદી કાર્યાલય ખાતે ૫ લાખ લીટર ની ઊંચી ટાંકી, હાથસણી રોડ ખાતે ૫ લાખ લીટર ની ઊંચી ટાંકી, કુંડલા સ્મશાને ૮ લાખ લીટર ની ઊંચી ટાંકી અને અંડર ગ્રાઉન્ડ સંપ બનાવવામાં આવશે ને સાવરકુંડલા શહેરના વિવિધ વિસ્તારોમાં ડી.આઈ.પાઈપ પાણીની પાઈપ લાઈન અને પી.વી.સી. પાઈપ વડે પાણી ઘર ઘર સુધી પહોંચાડવાનું કાર્ય કરવામાં આવશે જે અંગે સરકારશ્રી દ્વારા ૧૯ કરોડ ૭૬ લાખ ની માતબર રકમ વડે ઊંચી પાણીની ટાંકી, અંડર ગ્રાઉન્ડ સંપ, કૂવો, પંપ રૂમો, મશીનરી સહિતની કામગીરીઓ આગામી દિવસોમાં શરૂ થશે અંદાજે રોજનું ૧૦ સ્ન્ધ નર્મદાનું પાણી મળી રહેશે જેથી સાવરકુંડલા વાસીઓને ફ્લોરાઈડ યુક્ત પીવાના પાણી પીવાની મુશ્કેલી માંથી છુટકારો થશે ને પીવાના ફ્લોરાઈડ યુક્ત પાણી માંથી મુક્તિ મળવાના દિવસો નજીક હોય ને લોકોની સુખાકારી પાલિકાને થતા આર્થિક ખર્ચાઓ માંથી પણ મુક્તિ મળશે ત્યારે ધારાસભ્ય મહેશ કસવાળા દ્વારા પાલિકામાં વસતા શહેરીજનોની સુખ સુવિધાઓને લક્ષ આપવામાં આવતા પ્રબુદ્ધ નાગરિકોએ ધારાસભ્યની કુનેહ અને આવડત અંગે અંતરના આશીર્વાદ આપ્યા હતા ને અત્યાર સુધી ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા ફ્લોરાઈડ યુક્ત પીવાના પાણીની સમસ્યા માંથી મુક્તિ મળે તેવા નક્કર આયોજનો કરવામાં આવ્યા ના હતા પણ ધારાસભ્ય મહેશ કસવાળા દ્વારા અગાઉ પણ બાયપાસ રોડ, સ્પોર્ટ સંકુલ, મહુવા રોડ રેલવે ઓવર બ્રિજ, સાવરકુંડલા રંઘોળા સ્ટેટ હાઈવે, રિવરફ્રન્ટ, ઓડિટોરીયમ હોલ, ભૂગર્ભ ગટર, પંચાયત વિભાગના રોડ રીસર્ફેસિંગ, ૨૭૧ વ્યક્તિઓને પ્રધાનમંત્રી આવાસ યોજના, ટાઉન હોલ, ૫૦ બેડની આધુનિક હોસ્પિટલ ભૂગર્ભ સંપ, સાથે અનેક કામોની વણઝાર ધારાસભ્ય મહેશ કસવાળાએ અતિ ગંભીર ગણાતા પીવાના પાણીની ફ્લોરાઈડ પાણી માંથી પણ મુક્તિ મળે તેવા પ્રયાસોને સરકારે મંજૂરી આપીને સોનામાં સુગંધ ભળે તેવી ઉડીને આંખે વળગે તેવી કામગીરીઓને શહેરીજનોએ ફૂલડે વધાવી હતી.

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૪-૧૧-૨૦૨૩ મંગળવાર

# ઈસરો ચિફે ભલે આત્મકથા પાછી ખેંચી પણ એમાંના આક્ષેપોની તપાસ તો થવી જોઈએ

ભારતમાં મોટા ભાગનાં લોકોને રાજકારણીઓ તરફ માન નથી. રાજકારણીઓ પોતાના સ્વાર્થ માટે હલકી કક્ષાનું રાજકારણ રમે છે એવી સામાન્ય લોકોની માન્યતા છે. બીજી તરફ દેશને મહાન સિદ્ધિ અપાવનારા આપણા વિજ્ઞાનીઓને આપણે બહુમાન આપીએ છીએ. એ લોકો નિઃસ્વાર્થભાવે દેશની સેવા કરે છે અને દેશનું ગૌરવ જ તેમના માટે સર્વોપરી છે એવું માનીએ છીએ પણ ઈસરોના ચીફ એસ. સોમનાથે તેમની આત્મકથામાં લખેલી વાતો વાંચ્યા પછી આ માન્યતાઓ અંગે ફેરવિચાર કરવો પડે એવી હાલત છે.

ચંદ્રયાન ૩ યાનને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ ઉતરાણ કરાવીને દેશભરનાં લોકોમાં જાણીતા થયેલા સોમનાથની આત્મકથા 'નિલાવુ કુડીચા સિમ્હંગલ' (ચંદ્રને ગટગટાવી જનારા સિંહો) પ્રકાશિત થઈ છે. આ આત્મકથામાં સોમનાથે ઈસરોના ભૂતપૂર્વ ચીફ કે સિવન વિશે જે કંઈ લખ્યું છે એ વાંચીને એવું જ લાગે કે, ભારતમાં નેતાઓ હોય કે વિજ્ઞાનીઓ, કાગડા બધે કાળા જ છે. આપણે જેમને દેશપ્રેમથી છલકતા માનીએ છીએ એવા વિજ્ઞાનીઓ પણ નેતાઓની જેમ ઈર્ષા, ટાંટિયાખેંચ વગેરેમાં રચ્યાપચ્યા રહે છે.

સોમનાથે પોતાની આત્મકથામાં લખ્યું છે કે, ઈસરોના ભૂતપૂર્વ ચીફ કે. સિવને તેમનું પ્રમોશન અટકાવ્યું હતું. સિવન ઈચ્છતા ન હતા કે હું ઈસરોનો વડો બનું. સોમનાથે એનો દાવો પણ કર્યો છે કે, ૨૦૧૮માં ઈસરોના ચીફ એ.એસ. કિરણ કુમાર નિવૃત્ત થયા ત્યારે પોતે તથા કે. સિવન ઈસરોના ચીફ બનવા માટે પ્રબળ દાવેદાર હતા પણ ઈસરોનું ચેરમેનપદ સિવનને મળ્યું.

સિવન એ વખતે વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરના ડિરેક્ટર હતા. ઈસરોના ચીફ બન્યા પછી તેમણે વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરના ડિરેક્ટરપદેથી રાજીનામું આપી દેવાનું હોય. પોતે સિવન જેટલા જ સિનિયર હોવાથી વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરના ડિરેક્ટરપદ પર પોતાનો અધિકાર હતો. પોતે આ અંગે સિવનને કહેલું પણ ખરું પણ વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરના ડિરેક્ટરપદેથી રાજીનામું આપવા સિવન તૈયાર નહોતા.

સોમનાથનો દાવો છે કે, પોતે આ મુદ્દો ઉઠાવતા ત્યારે સિવન જવાબ આપવાનું ટાળીને જતા રહેતા હતા. સોમનાથે આ અંગે ઉપર રજૂઆત કરીને વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરના ભૂતપૂર્વ ડિરેક્ટર ડો. બી. એન. સુરેશની મદદ માગી હતી. સુરેશે આ મામલામાં દખલ કરી પછી છ મહિના પછી સોમનાથને વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરના ડિરેક્ટર બનાવાયા હતા.

સોમનાથે એવો દાવો પણ કર્યો છે કે, ઈસરોના ચેરમેનપદે ત્રણ વર્ષ પૂરાં કર્યા પછી પણ સિવન પોતાની મુદત વધે એવું ઈચ્છતા હતા. સિવન પોતાને ઈસરોના ચેરમેન પણ બનવા દેવા નહોતા માગતા તેથી ઈસરોના નવા ચેરમેનની પસંદગી કરવાની આવી ત્યારે સ્પેસ કમિશનમાં યુ.આર. રાવ સ્પેસ સેન્ટરના ડિરેક્ટરને લેવામાં આવ્યા હતા. સોમનાથે પોતાના પુસ્તકમાં એવો પણ દાવો કર્યો છે કે ચંદ્રયાન-૨ ચંદ્ર પર ઉતરાણ કરવાનું હતું એ દિવસે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઈસરો આવ્યા હતા અને તેમના સ્વાગત માટે તમામ ટોચના વિજ્ઞાનીઓને હાજર રખાયા હતા પણ પોતાને મોદીના સ્વાગતથી પણ દૂર રાખવામાં આવ્યા હતા.

સોમનાથે પોતાની આત્મકથામાં ચંદ્રયાન-૨ ની નિષ્ફળતા માટે પણ સિવન પર દોષનો ટોપલો ઢોળી દીધો છે. સોમનાથના કહેવા પ્રમાણે તો સિવને કિરણ કુમારના સમયમાં જ ચંદ્રયાન-૨ મિશનમાં કોઈને પૂછ્યા વિના ફેરફાર કરી દીધા હતા. સિવન ચંદ્રયાન-૨ નો જશ ખાટવા માગતા હતા તેથી તેમણે ઉતાવળ કરાવી અને આ ઉતાવળના કારણે નિષ્ફળ ગયું. સોમનાથે એવો ચોંકાવનારો દાવો પણ કર્યો કે, ચંદ્રયાન ૨ મિશન પહેલાં જે ટેસ્ટ થવાના હતા તે બધા કરાયા જ નહોતા. એટલું જ નહીં પણ ચંદ્રયાન ૨ મિશન નિષ્ફળ ગયું ત્યારે પણ સિવને દેશથી સત્ય છૂપાવ્યું હતું. ચંદ્રયાન ૨ મિશનના સોફ્ટવેરમાં ખામી હતી એ વાત લોકો સામે મૂકવાના બદલે સિવને એવું કહેલું કે. ચંદ્રયાન-૨ સાથે સંપર્ક થઈ રહ્યો નથી. લેન્ડિંગ સમયે કોમ્યુનિકેશન સિસ્ટમ ફેલ થઈ ગઈ હતી તેથી ક્રેશ લેન્ડિંગ થશે એ નક્કી હતું પણ સિવને સત્ય કહેવાને બદલે એવી જાહેરાત કરી હતી કે લેન્ડર સાથે સંપર્ક સ્થાપિત થઈ શક્યો નથી.

ચંદ્રયાન ૨ ની નિષ્ફળતા પછી રચાયેલી તપાસ સમિતીએ નિષ્ફળતા માટે પાંચ કારણો આપેલાં ને તેમાં મુખ્ય કારણ સોફ્ટવેર એરર્સ અને એન્જિનના ઈલેક્ટ્રોનિક્સ એસેમ્બલિંગમાં ભૂલ હોવાનું અપાયેલું એવો પણ સોમનાથનો દાવો છે. સોમનાથે બીજી ઘણી ટેકનિકલ વિગતો આપેલી ને તેનો સાર એ જ છે કે, સિવને મિશન અંગે ગણતરીમાં ભૂલો કરેલી તેમાં મિશન નિષ્ફળ ગયું.

સોમનાથના આક્ષેપો અત્યંત સ્ફોટક અને આઘાતજનક છે. સોમનાથની આત્મકથા બહાર પડતાં જ આ અંગે વિવાદ શરૂ થઈ ગયેલો કેમ કે સોમનાથે આડકતરી રીતે કેન્દ્ર સરકાર પર દોષારોપણ કર્યું છે અને સિવન પર તો દેશ સાથે ગદ્દારી કરવાનો જ આરોપ મૂકી દીધો છે. સોમનાથને આ વાતનો અંદાજ જ નહીં હોય પણ જેવી બબાલ થઈ કે તરત એ ફફડી ગયા.

સોમનાથે પોતાની આત્મકથા પાછી ખેંચવાનું એલાન કરી દીધું ને સાથે સાથે એવી સ્પષ્ટતા પણ કરી છે કે, મારી આત્મકથામાં મેં ઈસરો ચીફ બનવા સુધીની મારી સફર કહી છે. કોઈ પણ સંસ્થામાં સર્વોચ્ચ હોદ્દા પર પહોંચતી દરેક વ્યક્તિને અનેક મુશ્કેલીઓ પડે છે, મારે પણ આવી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો અને મેં જીવનમાં આવેલા આપડકારો વિશે લખ્યું છે. મેં કોઈના પર અંગત ટિપ્પણી કરી નથી અને હું કોઈ વ્યક્તિની વિરુદ્ધ નથી. સોમનાથ વિવાદથી દૂર ભાગવા માટે ભલે ગમે તે સ્પષ્ટતાઓ કરે પણ તીર છૂટી ગયું છે એ જોતાં તેમણે કહેલી વાતો પાછી લઈ શકાય તેમ નથી, પુસ્તક ભલે પાછું ખેંચી લેવાયું હોય. મોદી સરકારે આ વાતોને ગંભીરતાથી લેવી જોઈએ અને તપાસ કરાવીને સત્ય લોકો સામે મૂકવું જોઈએ. ચંદ્રયાન-૨ ની નિષ્ફળતાની જાહેરાત વખતે કેમ ઈસરોએ કરેલી ભૂલો છૂપાવાઈ હતી તેની હકીકત જણાવવી જોઈએ કેમ કે આ દેશનાં લોકોને સત્ય જાણવાનો અધિકાર છે. સોમનાથે કહ્યું છે તેમ ઈસરોમાં પણ ટાંટિયાખેંચ ચાલતી હોય તો એ શરમજનક કહેવાય પણ તેનો કોઈ ઈલાજ નથી.

## ખાંભાના લાસા ગામે બે કુટુંબીઓ વચ્ચે મારામારી

### પાઈપ વડે મુંઢમાર મારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

ખાંભા તાલુકાના લાસા ગામે વિજયભાઈ જીવાભાઈ તૈરૈયા ઉ.વ. ૪૦ પોતાનું બાઈક લઈ ખેતરે જતા હોય ત્યારે રસ્તામાં પડેલ બાઈક એક બાજુ કરવા જતા ચંદ્રેશ જીવાભાઈ તૈરેયાએ પાછળના ભાગે આવી જમણા પડખામાં પાઈપનો ઘા મારી તૃપ્તિબેન ચંદ્રેશભાઈ તૈરેયાએ હાથ પકડી રાખી ચંદ્રેશે બીજા વાસામા મારી ધમકી આપ્યાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જયારે સામાપક્ષે તૃપ્તિબેન ચંદ્રેશભાઈ તૈરેયા ઉ.વ. ૪૦ ના પતિને તા. ૩-૧૧ ના વિજય જીવાભાઈ અને કંચનબેન ભનુભાઈ તૈરેયાએ ફોન કરી ટ્રેકટર ચલાવવા પ્રશ્ને વાતચીત કરતા પતિએ વિજયને ટ્રેકટર ચલાવવાની ના પાડતા મનદુખ રાખી તૃપ્તિબેનના વાડી ખેતરે ટ્રેકટર લઈ આવી તુવેરના પાકમાં ટ્રેકટર ચલાવવાની ના પાડતા ઝાપટ મારી અને મુંઢમાર મારી કંચનબેનને મુંઢમાર મારી પતિ તથા દિકરાને ધમકી આપ્યાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલાના મકાનમાં શોર્ટસર્કીટથી આગ લાગતા રૂ. ૨૧ હજારનું નુકશાન

### આગ લાગતા બે શેટી અને ટીવી તથા પાણીનું ફીલ્ટર સળગી જતા નુકશાન થયાનું જાહેર કરાયું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

સાવરકુંડલા મહુવા રોડ ખોડીયાર પાર્ક સોસાયટીમાં રહેતા કિશોરભાઈ રાજુભાઈ ખુમાણના રહેણાંક મકાનમાં ઈલેકટ્રીક શોર્ટ સર્કીટના કારણે આગ લાગતા ઘરમા રાખેલ બે શેટી રૂ/-૧૦,૦૦૦ તથા સોની કંપનીનું ટીવી રૂ/-૭૦૦૦ તથા રસોડામાં રાખેલ પાણીનું ફીલ્ટર રૂ/-૪૦૦૦ મળી કુલ રૂ/- ૨૧,૦૦૦ નું નુકશાન થયાનું સાવરકુંડલા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

## ખાંભાના કંટાળા ગામે ભત્રીજાની દુકાને માવો લેવા ગયેલ યુવાન ઉપર હુમલો કર્યો

### ચાર શખ્સોએ પાઈપ અને ઢીકાપાટું વડે મારમારી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

ખાંભા તાલુકાના કંટાળા ગામે રમેશભાઈ પાચાભાઈ રાઠોડ ઉ.વ. ૨૨ તેમના ભત્રીજાની દુકાને દુધ અને માવો લેવા ગયેલ ત્યારે મનદુખ રાખી નાગભાઈ આતાભાઈ નોળે પાઈપ વડે મારમારી પાતા ભોજાભાઈ નોળે ઢીકાપાટું વડે મુંઢમાર મારી તેમજ પાઈપ વડે આડેધડ મારમારી વાસુર ઉનડભાઈ , વિક્રમ ધીરૂભાઈ નોળે મદદગારી કરી ધમકી આપ્યાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલે અમરેલીમાં રાજુલાના આગેવાનો સાથે મુલાકાત કરી

### સી.આર.પાટીલ સાથે હીરાભાઈ સોલંકી અને જિલ્લા ભાજપના રવુભાઈ ખુમાણની મુલાકાત



રાજુલા, (કનુભાઈ વરૂ) ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સંગઠનમાં મહત્વ પૂર્ણ કામગીરી કરી છે ત્યારે અમરેલી જીલાની મુલાકાત સમયે અમરેલી સર્કિટ હાઉસ ખાતે કેટલાક રાજુલાના મહત્વના આગેવાનો સાથે મુલાકાત કરી હતી જેમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ગુજરાત પ્રદેશ કિસાન મોરચાના નેતા અને બોટાદ પ્રભારી સંગઠનમા અને વિધાન સભાની ચૂંટણીમાં મહત્વપૂર્ણ કામગીરી કરનારા રવુભાઈ ખુમાણ સહિત નેતાઓ એ મુલાકાત કરી હતી કેટલીક રાજકીય સર્ચાઓ થયાની સર્ચાઓ પણ થઈ રહી છે આવતા દિવસોમાં દિવાળી તહેવાર સમયે રાજય સરકારમાં નવા જૂની થવાના એંધાણ વચ્ચે આ મુલાકાતો ઘણી સૂચક માનવામાં આવી રહી છે.

## પત્નિને તેડવા જતા સાસુ સસરાએ ના પાડતા લીલીયામાં અમરેલીના યુવાને એસીડ પીધું

### એસીડ પી જતા સારવાર માટે દવાખાને ખસેડાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી યોગીનગરમાં રહેતા રાકેશભાઈ વસંતભાઈ સોલંકી ઉ.વ. ૨૪ના પત્નિ તથા તેની દિકરી છેલ્લા દસેક દિવસથી લીલીયા મફત પ્લોટમાં પીયરમાં રોકાયેલ હોય જેથી તેમને તેડવા માટે ગયેલ. પરંતુ સાસુ તથા સસરાએ તેમની સાથે મોકલવાની ના પાડતા પોતાને લાગી આવતા એસીડ પી જતા સારવાર માટે દવાખાને ખસેડાયેલ છે.

## ધારીના નવા ચરખા ગામે વૃધ્ધ ઉપર હુમલો

### પૈસાની માંગણી કરી મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ધારી તાલુકાના નવા ચરખા હાલ સુરત રહેતા નાનજીભાઈ લખમણભાઈ ડોબરીયા ઉ.વ. ૮૫ ને જુના ચરખા ગામના ઉગા માણસુરભાઈ વાળાએ બળજબરીથી પૈસાની માંગણી કરી પૈસા નહી આપે તો ટાંટીયા ભાંગી નાખવા તથા જાનથી મારી નાખવાની ધમકી આપી ગાળો બોલી બળતણના લાકડા વડે મારમાર્યાની ચલાલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ચાંપરાજપુરના રજાકભાઈએ માનતા પુર્ણ કરી



અમરેલી,

કોરોના કાળ દરમીયાન પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલના આરોગ્ય અંગે ચાપરાજપુરાના અગ્રણી શ્રી રજાકભાઈએ માનતા રાખી હતી તે આજે પુર્ણ થઈ હતી. તે વેળાએ તસ્વીરમાં નજરે પડે છે.

### અમરેલીના એસપી શ્રી હિંમકરસિંહનું ઉમદા પગલુ

## સાવરકુંડલા ડીવીઝનનાં પથારીવશ પોલીસ કર્મીના પરિવારને રૂપિયા ૧, ૬૫, ૫૦૦ સહાય આપતા એસપીશ્રી હિંમકરસિંહ

### પથારીવશ કર્મચારીનો પરિવાર દિવાળી ઉજવી શકે તે માટે રકમ આપી જરૂર પડ્યે સહકારની ખાતરી આપી

અમરેલી,

સાવરકુંડલા ડીવીઝનનાં તમામ પોલીસ કર્મચારીઓ વતી એક પોલીસ કર્મચારીને તેમના પરિવાર દિવાળીનો તહેવાર આનંદથી ઉજવી શકે તે માટે ઉમદા કામીગીર કરી છે નાગેશ્રી પો.સ્ટેના પ્રતાપભાઈ ધનજીભાઈ પરમારને વાહન અકસ્માતમાં ગંભીર ઈજા થતા કોમાં છે અને હાલ પથારી વશ છે આગામી દિવાળી તહેવાર અમરેલીના એસપીના ધ્યાને આવતા શ્રી હિંમકરસિંહ નાયબ પોલીસ અધિક્ષક શ્રી એચ.બી.વોરાને દિવાળી અંગે કાર્યવાહી કરવા જણાવતા કુંડલા ડીવીઝનનાં પી.આઈ. એસ.એમ.સોની, પી.એલ. ચૌધારી, એમ.એ.દેસાઈ, સી.એસ.કુગસીયા, જે.જે.ચૌધરી, જે.એમ કહીલા, વાય.પી. ગોહિલ, કે.ડી.



અડીયા, પી.વી.પલાસ, આર. જી. ચૌહાણ, એ.આર.છોવાડા અને પીપાવાવ મરીનનાં પોલીસ અધિકારી કર્મચારીઓએ ૧,૬૫,૫૦૦ એકત્ર કરી ગીફ્ટ સ્વરૂપે પોલીસ કર્મચારીના પરિવારને ભેટ આપ્યા હતા અને પ્રતાપભાઈના ઘરે જઈને મુલાકાત લઈ મીઠાઈ પણ અર્પણ કરી હતી. અને ભવિષ્યમાં જરૂર પડે તો આશ્વાસન આપ્યું હતુ. આ તકે તેના પત્ની ભગુબેન તથા દિકરી તેજસ્વીબેન તથા દિકરો સુધિર પરિવાર જનો હાજર રહ્યા હતા.

### જીલ્લા કાનુની સેવાસતા મંડળ દ્વારા

# અમરેલી તેમજ જીલ્લાની કોર્ટોમાં ૯ ડિસેમ્બરે લોકઅદાલતો યોજાશે

### લોકઅદાલતમાં મોટર અકસ્માત વળતર દિવાની દાવા, ચેક પરતને લગતા કેસો, સહિતના કેસો સમાધાન માટે મુકી શકાય

અમરેલી,

અમરેલી જીલ્લા કાનુની સેવાસતા મંડળના ચેરમેન અને પ્રિન્સિપાલ ડ્રિસ્ટ્રીકટ જજ એમ. જે. પરાસરના અધ્યક્ષ સ્થાને જીલ્લા અદાલત અમરેલી તેમજ જીલ્લાના દરેક તાલુકાની કોર્ટોમા રાષ્ટ્રીય લોકઅદાલતનું આયોજન કરવામાં આવેલ છે.

આ લોક અદાલતનો લાભ મહતમ પક્ષકારો લઈ શકે તે માટે ગુજરાત રાજયના મુખ્ય ન્યાયમુર્તિ અને ગુજરાત રાજય કાનુની સેવા સતામંડળના મુખ્ય સૌરક્ષક જસ્ટીસ શ્રીમતિ સુનિતા અગરવાલ તથા ગુજરાત રાજય કાનુની સેવા સતા મંડળના કારોબારી અધ્યક્ષ જસ્ટીસ એન.વી. અંજારીયા દ્વારા તમામ કાનુની સેવાસતા મંડળ તથા કાનુની સેવાસમિતિને જરૂરી માર્ગદર્શન આપેલ છે. આ લોકઅદાલતમાં રાજયના કોઈપણ જીલ્લા, તાલુકા, ટ્રિબ્યુનલ કે હાઈકોર્ટમાં પડતર કેસ કે જેમાં મોટર અકસ્માતના વળતરના કેસ , દિવાની દાવા, ચેક પરતને લગતા કેસો, જમીન સંપાદનને લગતા કેસ, કામદાર તથા માલિકને લગતી તકરાર, માત્ર દંડથી શિક્ષાપાત્ર કેસો તથા તમામ પ્રકારના સમાધાન લાયક કેસો સમાધાન માટે મુકી શકાય છે. આ અવસરનો લાભ લેવા નજીકની તાલુકા કે જીલ્લા કે હાઈકોર્ટમાં કાનુની સેવાસતા મંડળની ઓફીસનો સંપર્ક કરવો અથવા ટોલફ્રી નંબર, ૧૫૧૦૦ ઉપર સંપર્ક કરવો.

### ઇન્ચાર્જ પીએસઆઇશ્રી ગલચર દોડી ગયાં

## વડીયાનાં તાલાળીમાં પત્નિની માર મારી પતિ ગળાફાંસો ખાઇ ગયો : પત્નિ ગંભીર

### પતિ-પત્નિ વચ્ચે થયેલા ઝઘડામાં ગંભીર રીતે ઘવાયેલી મહિલાને રાજકોટ ખસેડાઇ

અમરેલી, વડીયાનાં તાલાળી ગામે પત્નિને માર મારી પતિએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનો બનાવ બહાર આવતા ખળભળાટ મચી જવા પામેલ છે. આ બનાવની વિગતો એવા પ્રકારની છે કે, તાલાળીનાં સીમ વિસ્તારમાં રહેતા શંકરભાઈ બઘેલ નામના શ્રમીક પોતાની ૩૬ વર્ષની પત્નિ રાધાબેનને ગંભીર મરણતોલ માર મારતા તેણીને રાજકોટ દવાખાને ખસેડાઈ છે અને પત્નિને માર મારનાર શંકર બઘેલે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા તેમનાં મૃતદેહને રાત્રે વડીયા ખસેડવામાં આવ્યો છે. આ બનાવની જાણ થતા વડીયાનાં ઈન્ચાર્જ પીએસઆઈ શ્રી કે.એલ.ગલચર બનાવનાં સ્થળે દોડી ગયા છે અને આ બનાવની વધુ વિગતો મેળવવા માટે તજવીજ શરૂ કરી છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૧૪.૧૧.૨૦૨૩ મંગળવાર ,સંવંત ૨૦૭૯ કારતક સુદ એકમ, મઘા નક્ષત્ર, બ્રહ્મ યોગ,વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) રહેશે.

### શનિ કેતુનો ષડાષ્ટક યોગ વ્યક્તિને ષડયંત્રનો શિકાર બનાવે છે.

શનિ અને રાહુ કુંભ અને મીનમાં હોવાથી નાડીસંબંધમાં આવે છે અને કેતુ સાથે શનિનો ષડાષ્ટક યોગ બને છે જે દેશ અને દુનિયામાં શાંતિ સ્થપાવામાં સમય લાગશે તેમ સૂચવે છે વળી ભારતના કેટલાક રાજ્યો પણ થોડા અશાંત થતા જોવા મળશે જેમાં રાજનીતિક રીતે કર્ણાટક અને મહારાષ્ટ્ર ગણી શકાય તો ઉત્તર તરફના રાજ્યો પ્રાકૃતિક આપદા સામે લડતા જોવા મળશે ખાસ કરીને દિલ્હી અને આસપાસના રાજ્યો પ્રદુષણ અને ભૂકંપ નો શિકાર બનતા જોવા મળે જે વિષે અત્રે અગાઉ લખી ચુક્યો છું. પૂર્વોત્તરની અશાંતિ અલગ પ્રકારની છે અને ત્યાં હજુ શાંતિ સ્થાપવામાં સમય લાગશે. સૂર્યમહારાજ ધીમે ધીમે વૃશ્ચિક તરફ જઈ રહ્યા છે જે રાજધાનીમાં પ્રદૂષણની તકલીફ દર્શાવે છે વળી સૂર્ય રાજા છે તે વૃશ્ચિક



તરફ ગતિ કરે છે માટે વિશ્વના સત્તાનશીન કેટલાક નેતાઓ પોતાની ઈનિંગ પુરી કરતા જોવા મળે કે કોઈ જગ્યા એ કાવતરા કે હુમલાનો ભોગ બનતા જોવા મળે. જે મિત્રોની વ્યક્તિગત કુંડળીમાં શનિ કેતુ ષડાષ્ટક યોગ હોય છે તેમના જીવનમાં વારંવાર છળ કપટ થતા જોવા મળે છે તેઓ આસાનીથી કોઈ ષડયંત્રનો ભોગ બનતા જોવા મળે છે. જે લેખકોએ ષડયંત્ર અને જાસૂસી પર વધુ કામ કર્યું છે તેમાંના મોટાભાગના લેખકોમાં શનિ અને રાહુ કેતુ કોઈ ને કોઈ રીતે સંબંધમાં આવતા જોવા મળે છે. શનિ અને કેતુ સાથે મળે ત્યારે પિશાચ યોગનું નિર્માણ કરે છે જે એક પ્રકારનો શ્રાપિત દોષ બને છે જેને પેઢી દર પેઢી દૂર કરવા માટે અથાક પરિશ્રમ કરવો પડે છે અને વિશિષ્ટ રીતે શિવ સાધના કરવી પડે છે.

મેષ (અ,લ,ઈ) : પરિસ્થિતિ ધીમે ધીમે તરફેણમાં આવે, વિધાર્થીવર્ગ એકાગ્રતાથી આગળ વધી શકે,સફળતા મળે,શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : નવી વસ્તુની ખરીદી કરી શકો, સુખ સગવડના સાધનો વસાવી શકો, દિવસ આનંદદાયક રહે.
મિથુન (ક,છ,ઘ) : કાર્યમાં સફળતા મળતી જણાય,ભાઈ ભાંડુ સુખ સારું રહે,સામાજિક કાર્ય કરી શકો,શુભ દિન.
કર્ક (ડ,હ) : પોઝિટિવ વાણીનો મહિમા સમજી શકો, તમારા સૌમ્ય વાણી-વર્તન થી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.
સિંહ (મ,ટ) : આજના દિવસે કામકાજ માં સફળતા મળે,તમારા ક્ષેત્ર માં આગળ વધી શકો,પ્રગતિ થાય.
કન્યા (પ ,ઠ ,ણ) : કાર્યમાં થોડો વિલંબ થતો જોવા મળે, બિનજરૂરી વિવાદો ટાળવા,બોલવા માં કાળજી રાખવા સલાહ છે.
તુલા (ર,ત) : નવા સંબંધોમાં અને વર્તુળમાં સારું રહે, સગા સ્નેહી મિત્રો થી સારું રહે,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
વૃશ્ચિક (ન ,ય) : નોકરિયાતવર્ગે કાળજી રાખવી પડે, સ્ત્રી વર્ગ નેમધ્યમ રહે,ધીમી પ્રગતિ જોવા મળે,સુંદર દીવસ.
ધન (ધ,ભ,ફ,ઢ ): ઈષ્ટદેવના સ્મરણથી કાર્ય પાર પડે, નસીબ સાથ આપે,ધીમે-ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે.
મકર (ખ,જ) : કેટલીક બાબતો મનમાં ખુચ્યા કરે, માનસિક વ્યગ્રતા જણાય,મન નું ધાર્યું ના થાય,મધ્યમ દિવસ.
કુંભ (ગ ,સ,શ) :રાજનીતિમાં અને જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય,શુભ દિન.
મીન (દ,ચ,ઝ,થ): જીવન પદ્ધતિમાં ફેરફાર કરવાની જરૂરત જણાય, તબિયતની કાળજી લેવી,ખાવા પીવા માં કાળજી લેવી,મધ્યમ દિવસ.

### પહેલા પાનાનું
### આખરે આપઘાત

ના સાંજના ૬:૩૦ કલાકે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી અને આ યુવતિના દાદાએ અમરેલી તાલુકા પોલિસ મથકમાં મરી જવા મજબુર કર્યાની ફરિયાદ નોંધાવતા આ બનાવની તપાસ ઈન્ચાર્જ પી.આઈ. શ્રી પ્રશાંત લકકડએ આરોપીને પકડી પાડયો હતો. આ બનાવની વિગત એવી છે કે, બોટાદમાં નજીક નજીકમાં જ રહેતા અને અમરેલીનાં ગજેરા સંકુલમાં ટીવાય બીએસસી માઈક્રોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીનાં બોટાદ ખાતેનાં પાડોશી શિહોરા આકાશ મનજીભાઈ તેણીને અવાર નવાર ફોન કરી તેણીનાં ફોટા વાયરલ કરી દેવાની ધમકી આપી બ્લેકમેઈલ કરી તેણી પાસે તેણીનાં જ શરીરે ડામ દેવડાવતો હતો અને મરચુ નાખવાનું કહીં ત્રાસ દેતો હતો. આ પ્રમાણે કરી આ યુવતી મજબુરીમાં જ પોતાનાં શરીરે ડામ આપતી હતી. આખરે કંટાળીને તેણીએ તેણીએ તે જ્યાં રહેતી હતી ત્યાં ગજેરા સંકુલ લક્ષ્મી ડાયમંડ ગર્લ્સ હોસ્ટેલનાં બિલ્ડીંગમાં ત્રીજા માળે રૂમ નં.ઈ-૧૬માં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધેલ હતો. તેણીનાં વાલીને ગૃહપતિએ જાણ કરતા તેમણે હોસ્પિટલેથી તેણીનાં રૂમે આવી જોતા તેમના ત્રણ કાગળો થેલામાંથી મળ્યાં હતાં જેમાં તેણીએ લખ્યું હતું કે, મારી જીંદગીથી અતિશય કંટાળી આ પગલું ભરી રહી છું અત્યાર સુધી મે ખુબ સહન કર્યુ હવે મારાથી સહન નથી થતું. સોરી બા-બાપુજી, પપ્પા કે મે તમારાથી એક વાત સંતાડી રાખી કે શિહોરા આકાશ સાથે હું વાત કરતી હતી. મારા શરીર ઉપર કેટલા ડામ છે એ મને ખુદને નથી ખબર. તે માણસ મારી પર્સનલ જગ્યા ઉપર ડામ દેવાનું કહે છે. તે એમ કહે છે કે, તું ડામ દે નકર હું તારા ખરાબ ફોટા ચડાવી દઈશ અને તને બદનામ કરીશ મને આકાશે કીધુ હતું કે, કોઈ દિવસ ખોટુ નહીં બોલવાનું તેમ છતા હું બોલતી હતી કારણ કે મને બીક હતી કે તે મારા કપડા ફડાવી ન નાખે, મને ડામ ન દેવડાવે, મને મરચુ ન નખાવે અને હજી એક વાત સંતાડી હતી કે મારા અને તેના આકાશ મનજીભાઈનાં તા. ૧૯-૧૦-૨૨ ના રોજ લગ્ન પણ થઈ ગયા હતા. તેમ લખી અંગ્રેજીમાં આ વિદ્યાર્થીનીએ સહીં કરેલી હતી. આ બનાવ અંગે તાલુકાનાં ઈન્ચાર્જ પીઆઈ શ્રી પ્રશાંત લક્કડે આઈપીસી ૩૦૬, ૫૦૬ (૧) મુજબ ગુનો નોંધી વિદ્યાર્થીનીને પ્રેમસંબંધ બાંધી ખરાબ ફોટા વાયરલ કરી બદનામ કરવાની ધમકી આપી માનસિક ત્રાસ આપી શરીરે ડામ દેવડાવી મરી જવા મજબુર કરનાર આકાશની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેને જેલ હવાલે કર્યો હતો.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

# કપાસ ૯૯૦થી ૧૫૨૦ મગફળી ૯૮૭ થી ૧૩૦૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૯૮૭-૧૩૦૦
શિંગમોટી-૧૦૧૦-૧૩૬૦
શિંગદાણા-૧૫૦૦-૧૬૦૦
તલસફેદ-૧૮૦૦-૩૫૧૫
તલકાળા-૨૦૦૦-૩૪૭૦
બાજરો-૩૭૭-૪૮૮
જુવાર-૬૦૦-૧૨૨૩
ઘઉંટુકડા-૪૬૦-૬૫૦
ઘઉંલોકવન-૪૯૬-૬૩૧
મગ-૧૬૧૦-૨૦૫૫
અડદ-૧૦૦૦-૧૯૦૧
ચણા-૭૪૦-૧૨૧૫
તુવેર-૧૧૦૦-૧૯૫૨
કપાસ-૯૯૦-૧૫૨૦
એરંડા-૧૦૫૦-૧૦૫૫
જીરૂ-૫૬૦૦-૭૬૨૫
ઇસબગુલ-૧૩૨૦-૧૩૨૦
ગમગુવાર-૧૦૫૨-૧૦૫૨
ધાણા-૮૫૧-૧૪૪૪
અજમા-૨૮૨૫-૨૮૨૫
મેથી-૯૦૦-૧૪૧૧
સોયાબીન-૭૫૦-૯૬૬

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૦૦-૩૦૦
રીંગણા-૧૧૦-૩૨૦
ફલાવર-૪૦૦-૫૦૦
કોબીઝ-૧૦૦-૧૪૦
ટમેટાં-૪૫૦-૫૫૦
સુરણ-૮૦૦-૯૦૦
ગાજર-૫૦૦-૬૫૦
દુધી-૧૦૦-૧૬૦
કારેલા-૪૦૦-૫૫૦
ગલકા-૪૦૦-૫૦૦
કાકડી-૫૦૦-૬૦૦
ગુવાર-૪૦૦-૬૦૦
ચોળાલીલા-૬૦૦-૭૦૦
તુરીયા-૫૦૦-૬૦૦
ભીંડો-૪૦૦-૬૦૦
આદુ-૧૬૦૦-૨૦૦૦
કોથમીર-૮૦૦-૧૨૦૦
મેથીભાજી-૭૦૦-૮૦૦
ટીંડોરા-૬૦૦-૭૦૦
લીમડોમીઠો-૯૦-૧૧૦
મરચાલીલા-૫૦૦-૭૦૦
લસણસુકું-૧૪૫૦-૨૪૫૦
લીંબુ-૭૦૦-૯૦૦
પાલક-૫૦૦-૬૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૨૫-૫૧૧
જુવાર-૬૦૦-૧૨૮૦
ઘંઉ-૫૧૦-૫૪૧
મગ-૩૧૦૦-૩૧૦૦
અડદ-૧૯૦૧-૧૯૦૧
ચણા-૯૦૧-૧૦૭૧
ધાણા-૧૦૫૧-૧૧૧૦
શીંગ-૮૦૦-૧૩૨૬
તલસફેદ-૨૯૩૦-૩૨૩૩
તલકાળા-૨૧૦૦-૨૧૦૦
કપાસ-૧૩૫૦-૧૪૮૦

**મહુવાયાર્ડ**
શીંગ-૧૭૦૦-૧૮૪૧
શીંગજી-૧૦૨૩-૧૩૭૦
જુવાર-૫૫૬-૧૧૦૦
તલ-૩૨૦૦-૩૪૧૨
મકાઇ-૪૧૧-૫૩૩
ડુંગળીસ.-૨૨૦-૯૫૭
ડુંગળીલાલ-૧૯૫-૮૮૫
નાળીયેર-૫૨૦-૧૮૦૦
ચણા-૯૪૭-૧૧૫૪
મગ-૧૬૯૦-૧૬૯૦
અડદ-૧૬૭૧-૧૯૯૯

**બાબરા**
કપાસ-૧૩૯૫-૧૫૩૫
ઘઉંટુકડા-૪૫૨-૫૭૮
ચણા-૯૫૪-૧૧૫૬
મગ-૧૫૮૦-૧૯૫૦
બાજરી-૩૭૨-૪૦૮
તલસફેદ-૨૭૬૦-૩૩૭૦
અડદ-૧૬૪૦-૧૯૬૦
મગફળી-૧૧૯૦-૧૩૧૦
સીંગદાણા-૧૪૦૦-૧૬૦૦

**ધારી**
કપાસ-૧૩૦૦-૧૫૦૩
મગફળી-૯૭૦-૧૩૦૧
ચણા-૯૬૧-૧૧૮૧
અડદ-૧૩૫૦-૧૭૦૧
ધાણા-૧૦૩૫-૧૨૩૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૫૧-૧૩૫૧
તલસફેદ-૩૦૦૦-૩૩૮૦
તલકાળા-૩૧૦૦-૩૪૬૦
જીરૂ-૮૦૦૦-૯૬૦૦
કપાસ-૧૩૫૦-૧૪૯૦
ઘઉં-૪૮૧-૬૧૪
બાજરો-૩૭૦-૪૯૨
જુવાર-૫૭૫-૧૨૨૨
ચણા-૯૫૧-૧૩૨૯

**જેતપુર માર્કેટયાર્ડ**
મગફળીજી-૮૦૧-૧૨૩૦
મગફળીજા-૭૬૦-૧૧૫૧
ઘઉલોકવન-૩૮૦-૪૩૫
ઘઉટુકડા-૩૯૦-૪૫૧
કપાસ-૧૨૪૧-૧૯૯૧
ચણા-૬૧૧-૯૨૬
અડદ-૭૧૧-૧૪૧૧
તલ-૧૭૬૧-૨૧૪૧
જીરૂ-૨૨૧૧-૨૯૫૧
ધાણા-૧૩૫૦-૧૫૮૧
સોયાબીન-૧૦૫૬-૧૨૩૬

**ખાંભા**
કપાસ-૧૩૬૦-૧૪૮૨
અડદ-૧૭૦૨-૧૭૦૨
મગફળી-૧૧૪૦-૧૨૬૫

**બગસરાયાર્ડ**
કપાસ-૧૩૦૦-૧૫૦૭
ચણા-૧૦૦૯-૧૧૭૨
ઘંઉ-૫૪૦-૬૦૦
અડદ-૧૭૦૫-૧૯૩૦
મગ-૧૧૫૧-૧૧૫૧
ધાણા-૧૦૦૦-૧૨૯૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૬૦૦-૧૦૦૦
દાડમ-૧૮૦૦-૩૨૦૦
મુસંબી-૫૦૦-૭૫૦
જામફળ-૨૦૦-૧૦૦૦
સંતરા-૪૦૦-૨૦૦૦
કીવી-૩૫૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૨૫૦૦-૩૦૦૦
સીતાફળ-૪૦૦-૧૧૦૦
કેળા-૪૦૦-૫૦૦
પોપૈયા-૫૦૦-૮૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૫૦૦-૨૦૦૦
અનાનસ-૧૦૦૦-૧૪૦૦
બોર-૪૦૦-૬૦૦

**લીલીયા**
કપાસ-૧૩૦૦-૧૪૮૦

**અમરેલી આજનું તાપમાન**
મહ ામ તાપમાન ૩૫.૩
ન્યુનતમ તાપમાન ૨૦.૮
ભેજનું પ્રમાણ ૫૨
પવનની ગતિ સરેરાશ-૧૦.૮

SINCE 2009
કોમ્પ્યુટર કોર્ષ
એટલે
પટેલ કોમ્પ્યુટર્સ
સીટીમોલ, રાજકમલ ચોક, અમરેલી મો.૯૯૦૯૯ ૨૦૧૫૨

પટેલ બેકરી & કેક શોપ
બેકરીની તમામ આઇટમ
રોજેરોજ બનતી જેવી કે....
પાંઉભાજીના જમ્બો પાંઉ - નાની મોટી
સાઇઝમાં બ્રેડ - જીરા ખાટી - મેથી ખારી
રીમઝીમ ટોસ્ટ - મિલ્ક ટોસ્ટ - તાજે તાજા સુરતી
પાંઉ - નાનખટાઇ (કુકીઝ) મળશે
તમામ આઇટમ અમારે ત્યાં
દરરોજ તાજે તાજી જ બને છે
સ્થળ : બટારવાડી, અમરેલી મો.૯૦૩૩૩ ૩૮૫૩૩

सत्यमेवजयते
AVADH TIMES DAILY
અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૬
તા.૧૪-૧૧-૨૦૨૩ મંગળવાર

અમરેલી તથા સુરત
ચકાભાઇ
ભેળવાળા ફુડ કોર્ટ
સ્વાદિષ્ટ વિવિધ ટેસ્ટમાં ભેળ,બર્ગર, પીઝા
સેન્ડબીચ, વિગેરે અનેક વેરાઈટી
સીટી પોઈન્ટ કોમ્પ્લેક્ષ, મોટા બસ સ્ટેન્ડ સામે,અમરેલી.
મો. ૯૮૨૫૭ ૫૫૬૦૫

॥ શ્રી વલ્લભ ॥
૨૦૨૪ની આકર્ષક નવી ડીઝાઈનમાં
બોક્ષ ▪ સેમી બોક્ષ માં લગ્ન
કંકોત્રી
માટે એકવાર અવશ્ય મુલાકાત લેશો.
શ્રીનાથજી કાર્ડ & પેપર્સ
નાગનાથ મહાદેવ બસ સ્ટેન્ડ પાસે, ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગની બાજુમાં, આદિત્ય એપાર્ટમેન્ટ, અમરેલી. મો. ૯૪૨૬૪ ૨૩૨૪૩

## જરખીયા-ગોવિંદપરા-સુરજપરા જન જાગૃતિ પ્રગતી મંડળ સુરત દ્વારા

# સુરતમાં રાજસ્વી સન્માન સમારોહ યોજાયો

### શ્રી પરશોત્તમભાઇ રૂપાલા, શ્રી દર્શનાબેન જરદોશ, શ્રી નારણભાઈ કાછડીયા, શ્રી કૌશિકભાઈ વેકરીયા, શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી પ્રફુલભાઇ પાનસુરીયા, શ્રી નિરંજન ઝાંઝમેરાની ઉપસ્થિતિ

### શ્રી નારણભાઇ કાછડીયા, શ્રી કૌશિક વેકરીયા, શ્રી જે.વી.કાકડીયા, શ્રી મહેશ કસવાલા, શ્રી જનકભાઇ તળાવીયા, શ્રી હિરાભાઇ સોલંકી સહિતનું સન્માન કરાયું







અમરેલી,

અમરેલી જિલ્લા પંચાયત નાં નવનિયુક્ત પ્રમુખ તરીકે વરણી થય તે બદલ તેમજ સુરત મહાનગરપાલિકા નવનિયુકત મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી અને ચેમ્બર્સ ઓફ કોમર્સ ના નવનિયુકત પ્રમુખ શ્રી રમેશભાઈ વઘાસીયા નાં સન્માન સમારોહ તા.૪ નવેમ્બર શનિવારના રોજ 'સરદાર સ્મૃતિ ભવન 'મીની બજાર વરાછા રોડ માં યોજાયેલ જેમાં કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલા, કેન્દ્રીય રેલવે રાજયમંત્રી દર્શનાબેન જરદોશ, નારણભાઈ કાછડીયા, ગુજરાત વિધાનસભા નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, ગુજરાત ના મંત્રી મુકેશભાઈ પટેલ, પ્રફુલભાઈ પાનસુરીયા, નિરંજન ઝાંઝમેરા, કંચનબેન રાદડીયા, કુમારભાઈ કાનાણી, વસંતભાઈ ગજેરા, જનકભાઈ બગદાણા, ડો.પ્રફુલભાઈ શીરોયા, સાવરકુંડલા ધારાસભ્ય મહેશ કસવાળા, ધારીના ધારાસભ્ય જે વી કાકડિયા, રાજુલાના ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, વલ્લભભાઈ સવાણી, પ્રખર સમાજ સેવક કાનજીભાઈ ભાલાળા, જરખીયા ના સરપંચ હરેશભાઈ કાકડિયા સહિત અનેક મહાનુભવશ્રીઓ ઉપસ્થિત રહેલ તમામનું જરખીયા - ગોવિદપરા - સુરગપરા જનજાગૃતિ પ્રગતિ મંડળ વતી મનુભાઈ ગોબરભાઈ કાકડિયા તેમજ ધનજીભાઈ નરસિંહભાઈ આસોદરીયા, રાજુભાઈ સાવલીયા (ધરતી ડાયમંડ) તેમજ તેમની ટીમના અગ્રણીઓએ ઉષ્માભેર સ્વાગત સન્માન કરેલ, કાર્યક્રમ માં જરખીયા સુરગપરા ગોવિદપરા ના સુરત વસતા અગ્રણી ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા માટે મનુભાઈ કાકડિયા તેમજ ધનજીભાઈ આસોદરીયા ના માર્ગદર્શન મુજબ જરખીયા સુરગપરા ગોવિદપરા જનજાગૃતિ પ્રગતિ મંડળ ના સભ્યો તેમજ મધુભાઈ સુતરીયા, દેવચંદભાઈ કાકડિયા, હરેશભાઈ કાકડિયા, અનિલભાઈ રૂપારેલિયા, રાજ ઢોલરીયા, ઘનશ્યામભાઈ સુતરીયા, રાજુભાઈ કાકડિયા, અરુણભાઈ કાકડિયા, અલ્પેશભાઈ કાકડિયા, ચેતનભાઈ સાવલીયા, મહેશ કાકડિયા, નરેશભાઈ મિરોલીયા સહિતે ભારે જહેમત ઉઠાવેલ એમ મહેશગીરી ગોસ્વામી ની યાદી જણાવે છે.

### શ્રી ભરતભાઇ સુતરીયાના સન્માન માટે અમરેલી સંસદીય મતવિસ્તાર શનીવારે સુરતમાં એકત્ર થયો

## ભાજપના મોભી શ્રી પરશોત્તમ રૂપાલા સાથે સાંસદ શ્રી કાછડીયા અને પાંચેય ધારાસભ્યો એક સાથે સુરતમાં ઉપસ્થિત રહયા

### અમરેલી જિલ્લાના ટોપ ટુ બોટમ નેતાઓ એક સાથે એકત્ર થાય તે એક અલગ પ્રકારના સંજોગો ગણી શકાય



અમરેલી, (ફીલ્ડ રિર્પોટર)

અમરેલી જિલ્લાના પાંચેય ધારાસભ્યો અને સંસદ સભ્ય સહિત અમરેલી જિલ્લાના તમામ પદાધિકારીઓ અને તે પણ ભાજપના મોભી અને ભારત સરકારના કેબીનેટ મંત્રીશ્રી પરશોત્તમ રૂપાલા સહિત એક સાથે એકત્ર થાય તેવા બહુ ઓછા પ્રસંગો આવતા હોય છે પણ સુરતમાં શનીવારે અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ભરતભાઈ સુતરીયાના સન્માન માટે આખુ અમરેલી એકત્ર થઈ ગયું હોય તેવુ દ્રશ્ય સર્જાયું હતુ.

અમરેલીથી શ્રી કૌશિક વેકરિયા, બાબરાથી શ્રી જનક તળાવિયા, સાવરકુંડલા-લીલીયાથી શ્રી મહેશ કશવાળા, ધારીથી શ્રી જેવી કાકડીયા, રાજુલાથી શ્રી હિરાભાઈ સોલંકીની સાથે અમરેલીના સાંસદશ્રી નારણભાઈ કાછડીયા, ભારત સરકારના કેબીનેટ મંત્રીશ્રી પરશોત્તમ રૂપાલા પણ ભાજપના અને સુરતના ધારાસભ્ય અને રાજયના શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયા અને શ્રી કુમારભાઈ કાનાણી પણ અમરેલી જિલ્લાના વતની છે.આ તમામ શનીવારે સુરતમાં એકત્ર થયા હતા.

અમરેલી જિલ્લામાં કોઈએ ચુંટણી લડવી હોય અને જો સુરતનો સહયોગ ન હોય તો તે ચુંટણી જીતી શકે નહી અમરેલી જિલ્લામાં આવેલી દરેક ચુંટણીમાં તન-મન અને ધનથી સુરતનો સહયોગ હોય અમરેલી જિલ્લાના છથી સાત લાખ લોકો સુરતમાં વસે છે અને જયારે જરુર પડે ત્યારે સુરતના ઉદ્યોગપતિઓ આર્થીક મદદ કરતા હોય છે અને ત્યાથી લોકો પણ ચુંટણી સમયે મતદાન માટે વતન અમરેલી આવતા હોય છે.આવા સુરતમાં અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખનું અને અમરેલી જિલ્લાના વંડાના વતની અને સુરત ચેમ્બરના પ્રમુખનું સન્માન થતુ હોય અને તે પણ અમરેલી જિલ્લાના જ વતની એવા શ્રી મનુભાઈ કાકડીયા (જરખીયા) દ્વારા યોજાતુ હોય એવા આ ફંકશનમાં અમરેલી જિલ્લાના ટોપ ટુ બોટમ નેતાઓ એક સાથે એકત્ર થાય તે એક અલગ પ્રકારના સંજોગો ગણી શકાય.

બેકરીની તમામ આઇટમ રોજેરોજ બનતી જેવી કે....
પાંઉભાજીના જમ્બો
પાંઉ - નાની મોટી સાઇઝમાં
બ્રેડ - જીરા ખાટી - મેથી
ખારી રીમઝીમ ટોસ્ટ - મિલ્ક ટોસ્ટ - તાજે તાજા
સુરતી પાંઉ - નાનખટાઇ (કુકીઝ) મળશે
ન્યુ અમલસાદ બેકરી
તમામ આઇટમ અમારે ત્યાં દરરોજ તાજે તાજી જ બને છે
સ્થળ : રઘુવીર પાનવાળી ગલી, રાજકમલ ચોક,
પીટણપરા, અમરેલી
મો.૭૯૮૪૯ ૪૬૩૬૩, ૭૦૧૬૮ ૮૪૯૫૦

કાર, બાઇક, ટ્રેક્ટર, સનેડો, મીની ટ્રેક્ટર, ટ્રોલી, ટ્રક, છોટા હાથી, બોલેરો, બસ વિગેરે તમામ વાહન માટેના
ટાયર - ટ્યુબ, બેટરી,
ઓઇલ - ગ્રીસ, વ્હીલ - પ્લેટ
ધરા, જેક - ફિલ્ટર, ટુલ્સનાં
હોલસેલ તેમજ રીટેલ વિક્રેતા
સંજય ટાયર્સ
સંજય ટ્રેડ લીંક
દુકાન નં.૧૪, ૧૫,૧૬ બ્રાહ્મણ બોર્ડીંગ, અજમેરા સ્કુલ સામે, સ્ટેશન રોડ, અમરેલી
સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો રૂમ પાસે, અમરેલી

૨૦૨૩-૨૪ નું અત્યાધુનિક અલ્ટ્રા મોર્ડન ફર્નિચરની વિશાળ રેન્જ
લગ્ન પ્રસંગના ફર્નિચરની ખરીદી કરવાનું ઉતમ સ્થળ
મીરા ફર્નિચર
સોફા ▪ બેડ ▪ કબાટ
ડાઇનીંગ ટેબલ ▪ ટીપોઇ
વિગેરે ફર્નિચરની વિશાળ રેન્જ હાજરમાં મળશે
વિપુલ સોંડાગર : ૯૯૨૪૫ ૫૬૨૫૮
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, પટેલવાડી સામે, અમરેલી

શુભ પ્રસંગોને કાયમી સંભારણુ બનાવવા માટેનું શ્રેષ્ઠ સ્થળ
બોનાન્ઝા બેન્કવેટ
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
શહેરની મધ્યમાં આવેલ 'રાજકમલ ચોક'
લોકાલીટીમાં આવેલ 'રોયલ પેરેડાઈઝ કોમ્પલેક્ષ' ખાતે
• લગ્ન માટે સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન • ડાયરો મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન • બેસણું • પ્રાર્થનાસભા
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતો સાથે મોટા ચાર નાના મોટા એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ શરૂ કરી રહ્યા છીએ.
વ્યાજબી ભાડુ, યોગ્ય કેટરર્સ, ડેકોરેટર્સ વિગેરેની સર્વિસ આપવામાં આવશે
પિનાકીન ચિત્તલીયા મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩

સ્વાદના શોખીનો માટે શહેરની મધ્યમાં નવલુ નજરાણું
ચાઇના ટાઉન
ફેમીલી રેસ્ટોરન્ટ
દરરોજ સવારે :- સ્વાદથી ભરપુર વણેલા ગાંઠીયા, સુકી ભાજી, ચીપ્સ, થેપલા
દરરોજ બપોરે :- કુશળ કારીગરોના હાથે બનાવેલ ચાઇનીઝ - પંજાબી
દરરોજ રાત્રે :- અવનવા સ્વાદ તથા સોડમથી ભરપુર ચાઇનીઝ - પંજાબી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
મો.૯૮૯૮૯ ૦૩૯૦૩ - ૯૯૭૯૭ ૬૪૪૫૨
ભીડભંજન મહાદેવ મંદિર ચોક, સમભાવ હોસ્પિટલ સામે, અમરેલી

બાપા સીતારામ અન્નક્ષેત્ર ટ્રસ્ટ - અમરેલી
Reg. No.E/2473/Amreli
PAN : AAETB6603J
80G No. AAETB6603JF20221
મો.૯૮૯૮૨ ૩૧૯૨૩
સિવિલ હોસ્પિટલમાં વિના મુલ્યે ગરીબ દર્દીને ટિફીનની ફ્રી સેવા માટે સંપર્ક કરો
Bank Name : Unoin Bank
A/C. No. 258511010000007 IFS Code : UBIN0825859
બાપા સીતારામ અન્નક્ષેત્ર ટ્રસ્ટ - અમરેલી
-:: અન્નક્ષેત્ર એડ્રેસ ::-
૭૫, ઓપેરા હાઉસ સ્ટેશન રોડ, અમરેલી.

નાના મોટાની એક જ માંગ જવુ છે
અમીરસ માં આજ...
ફક્ત ૭૦ રૂપિયામાં
છોલે ભટુરે...
બપોરના સમયે...
છોલે ભટુરે - ફ્રેન્કી, ચાઇનીઝ, પંજાબી, સેન્ડવીચ, પીઝા તો ખરા જ
સમય
બપોરના 11-00 થી 2-30 સુધી...
APPLICATION FOR Q R CODE
AN New Free APPLICATION HOME DELIVERY
PLEASE DOWNLOAD FROM PLAY STORE
94 29 87 37 72
94 99 55 55 56
AMIRAS RESTAURANT
હિરામોતી ચોક, લીલીયા રોડ, સુખનાથપરા, અમરેલી

અમરેલીનું સૌથી મોટુ અને એકમાત્ર ફેમીલી સલૂન
રાજ ફેમીલી સલૂન
લેડીસ
• આઇબ્રો
• વેક્સ
• હેરકટ
• ફેશીયલ
• સ્મુથનીંગ
• કેરાટીન
• બોટોક્ષ
• હાઇલાઇટ
• વગેરે
• નેઇલ આર્ટ
હેર રિપ્લેશમેન્ટ
BEFORE AFTER
જેન્ટસ
• હેરકટ
• બિયર્ડ (સેવ)
• ફેશીયલ
• શાયનર
• ડી.ટેન
• હેરસ્પા
• વગેરે
APP. No.
02792 - 224441
અમરેલી ચીતલ રોડ, ઓમનગર મેઇન રોડ, ગીરીરાજ શેરી નં.૧, પહેલો માળ
જીજ્ઞેશ કે. વૈષ્ણવ - પારૂલબેન જે.વૈષ્ણવ મો.૯૦૩૩૩ ૯૧૭૭૮

Vibrant GUJARAT 2024 10-12 Jan
Gateway to the Future | 10th Global Summit
ગુજરાત સરકાર

સ્વાતંત્ર્ય સંગ્રામના જનનાયક

# બિરસા મુંડાજીની જન્મજયંતી ૧૫મી નવેમ્બરે ઉજવીએ જનજાતિ ગૌરવ દિવસ





## ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ થકી આદિજાતિ બાંધવો બન્યાં સામાજિક ક્ષેત્રે અગ્રેસર

## આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે "વનબંધુ કલ્યાણ યોજના" વર્ષ ૨૦૦૭માં શરૂ કરવામાં આવી ત્યારે ₹૧૫ હજાર કરોડની યોજના હતી જે આજે ₹૧ લાખ કરોડે પહોંચી

**દાહોદ બન્યું સ્માર્ટ સિટી**
સ્માર્ટ સિટી યોજના અંતર્ગત દેશભરના ૧૦૦ સિટીની પસંદગીમાં ગુજરાતના ૬ શહેરોની પસંદગીમાં દાહોદનો સમાવેશઃ વૈશ્વિક કક્ષાની આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ₹૮૭૦ કરોડથી વધુના આયોજન

**આદિજાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય**
પ્રિ–મેટ્રીક, પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ અંદાજે ૧૬ લાખ જેટલા આદિજાતિ વિદ્યાર્થીઓને ₹૮૦૦ કરોડના ખર્ચે શિષ્યવૃત્તિ અને શૈક્ષણિક લાભોની સહાય

**સર્વાંગી વિકાસનો રોડમેપ**
૩૯ એકર વિસ્તારમાં ₹૩૪૧ કરોડના બજેટથી અદ્યતન સુવિધા ધરાવતી બિરસા મુંડા યુનિવર્સિટીનું નિર્માણ પ્રગતિ હેઠળ

**કૃષિક્ષેત્રે વિકાસને પ્રાધાન્ય**
કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો અસરકારક અમલ કરી છેલ્લા એક દશકમાં આ યોજના અન્વયે ૧૦ લાખ આદિજાતિ ખેડૂતોને ₹૨૫૦ કરોડની સહાય આપવામાં આવી

**નલ સે જલ યોજના**
વર્ષ ૨૦૦૧માં કુલ ૪૮ હજાર જેટલાં કુટુંબોને નળથી પાણી આપવામાં આવતું જેમાં હાલ વધારો થઇ કુલ ૧૧.૩૦ લાખથી વધુ પરિવારોને નળથી મળી રહ્યું છે પાણી

**મહિલા સશક્તિકરણને પ્રાધાન્ય**
સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ દર વર્ષે ૧૦,૦૦૦ મહિલાઓને દૂધાળા પશુ દ્વારા સ્વરોજગારીની તક

**આરોગ્ય સેવા આદિજાતિ બાંધવોને દ્વાર**
આદિજાતિ વિસ્તારમાં ૨૪૦ જેટલાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને ૨૪x૭ કાર્યરત કરવામાં આવ્યા, આ ઉપરાંત ૪૦ નવા PHC તથા ૧૦ નવા CHCનું નિર્માણ કરવામાં આવશે

**આદિજાતિ બાંધવોની આર્થિક સધ્ધરતા**
આદિજાતિ બાંધવોના સમગ્રતયા વિકાસ માટે નાણાકીય જોગવાઇમાં કર્યો ૧૪ ગણો ધરખમ વધારો

**આદિજાતિ વિસ્તારમાં રોજગારીની તકો**
આદિજાતિ ક્ષેત્રોમાં રોજગારીની તકોનું સર્જન કરવા તેમજ ઉદ્યોગ સાહસિક્તાને વેગ આપવા ૮ નવા MSME GIDC એસ્ટેટનું નિર્માણ

**ડાંગમાં પાણીની સમસ્યાનું નિવારણ**
આદિજાતિ ડાંગ જિલ્લાના ૨૭૯ ગામોમાં સરફેસ સોર્સથી પાણી આપવા ₹૮૬૬ કરોડની યોજના જાહેરઃ ૩.૭૧ લાખ આદિજાતિ જનસંખ્યાને રોજનું ૩૮ એમ.એલ.ડી. પાણી મળશે

**આદિજાતિ વિસ્તારના વિકાસ માટે પ્રયાસ**
ગુજરાત પેટર્ન યોજના અને મુખ્યમંત્રી બોર્ડર વિલેજ યોજના અંતર્ગત સર્વાંગી વિકાસ હેઠળ આશરે વાર્ષિક ₹૫૦૦ કરોડના ખર્ચે વિવિધ વિકાસલક્ષી કામો માટે સહાય

**આદિજાતિ બાળકોના પોષણ અંગે પ્રયાસ**
દૂધ સંજીવની યોજના હેઠળ આદિજાતિ તાલુકાના અંદાજે ૮ લાખ બાળકોને વિશિષ્ટ પોષણ માટે ₹૧૪૪ કરોડની વાર્ષિક સહાય

**આદિજાતિ કુટુંબોના ઉત્કર્ષ માટે પ્રતિબદ્ધતા**
ફોરેસ્ટ રાઇટ્સ એક્ટ હેઠળ આદિજાતિ કુટુંબોને વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન ₹૬૦ કરોડની આર્થિક સહાય કરાશે

**આદિજાતિ બાંધવોને મળી જમીન સનદ**
આદિજાતિ સમુદાયના કુલ ૯૬ હજારથી વધુના દાવાઓ મંજૂર થતાં ૧૩ લાખ એકરથી વધુ જમીનના ગુજરાતના વનવાસીઓ માલિક બન્યા

**આદિજાતિનો સર્વસમાવેશક વિકાસ**
રાજ્ય સરકાર સહાયિત ૧૦ એકલવ્ય મોડલ રેસિડેન્સી સ્કૂલમાં ધોરણ ૬ થી ૧૨ સુધીનું શિક્ષણ ઉપરાંત રહેઠાણ, ભોજન, પુસ્તકો, ગણવેશ, પ્રવાસ તેમજ તમામ પ્રકારની ભૌતિક સુવિધાઓ વિનામૂલ્યે અપાઈ

**ગંભીર બિમારી સામે સ્વાસ્થ્ય સંરક્ષણ**
ગંભીર એનીમિયા ધરાવતી ૧૦ હજારથી વધુ આદિજાતિ મહિલાઓની ઓળખ કરી તેમની જરૂરિયાત મુજબ સારવાર કરીને માતા મૃત્યુ દરમાં ઘટાડો લાવ્યા

**પરિવહન માટે મોકળો માર્ગ**
આદિજાતિ વિસ્તારમાં પરિવહન સરળ થઈ શકે તે માટે ૧૫ જેટલા કોઝ–વેના સ્થાને પુલોનું નિર્માણ કરવામાં આવ્યું

**આદિજાતિ વિસ્તારમાં ફેલાયો ઉજાસ**
૨૪૩ નવા સબસ્ટેશન થકી ૫૮૮૪ ગામોમાં વીજળી સુવિધા પૂરી પાડવામાં આવી















## આદિજાતિ વિસ્તારમાં વિકાસની તેજ રફતાર